GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ, સુરત-૩૯૫૦૦૩

જા.નં.- ૩૩૬૭ તા.૧૪/૭/૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ શાળા
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

**વિષય:– માહે એપ્રિલ-૨૦૨૨ની સ્વચ્છતા ગ્રાંટ ફાળવવા બાબત.**

**સંદર્ભ : (૧) પ્રાશિનિ/ચ-૧/ઇડીએન-૩,૨/નગર/૨૨-૨૩/૯૦૧–૬૩, તા.૦૬/૦૬/૨૦૨૨**

જત ઉપરોક્ત વિષય તથા સંદર્ભના અનુસંધાનમાં જણાવવાનું કે, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનાં પત્ર ક્રમાંક: પ્રાશિનિ/ચ-૧/ઇડીએન-૩,૨/નગર/૨૨-૨૩/૯૦૧–૬૩, તા.૦૬/૦૬/૨૦૨૨ મુજબ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ માટે રાજ્ય સરકાર તરફથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં શાળા સંકુલની સ્વચ્છતાની જાળવણી માટે ધો–૧ થી ૮ ની તમામ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા આધારિત શાળાદીઠ માસિક સહાય આપવાનું ઠરાવવામાં આવ્યુ છે. જે અનુસાર બિન આદિજાતિ વિસ્તાર હેઠળ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કુલ ૩૧૯ શાળાઓ માટે માહે **એપ્રિલ -૨૦૨૨** નાં કુલ રૂા. ૧૨,૧૮,૪૦૦/– (બાર લાખ **અઢાર** હજાર ચારસો પુરા) ની રકમ તા. ૧૫/૦૬/૨૦૨૨ના રિપોર્ટ મુજબ ૩૧/૦૮/૨૦૨૧ની સ્થિતિએ નીચેની શરતોને આધીન પત્રકમાં દર્શાવ્યા મુજબની શાળાઓ માટે જરૂરી રકમ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | શાળા સંખ્યા | એક માસનાં ચુકવવાનાં દર | કુલ માસ (એપ્રિલ–૨૨) | ચુકવવાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | વિ.સંખ્યા ૦ થી ૧૦૦ વાળી શાળાની સંખ્યા | ૮ | ૧૦૦૦/– | ૧ | ૮,૦૦૦/– |
| ૨ | વિ.સંખ્યા ૧૦૧ થી ૩૦૦ વાળી શાળાની સંખ્યા | ૮૩ | ૧૮૦૦/– | ૧ | ૧,૪૯,૪૦૦/– |
| ૩ | વિ.સંખ્યા ૩૦૧ થી ૫૦૦ વાળી શાળાની સંખ્યા | ૭૯ | ૪૦૦૦/– | ૧ | ૩,૧૬,૦૦૦/– |
| ૪ | વિ.સંખ્યા ૫૦૧ થી વધારે વાળી શાળાની સંખ્યા | ૧૪૯ | ૫૦૦૦/– | ૧ | ૭,૪૫,૦૦૦/– |
| | | ૩૧૯ | | | ૧૨,૧૮,૪૦૦/– |

આ ફાળવેલ ગ્રાન્ટનો નીચે જણાવેલ સામગ્રી માટે ઉપયોગ કરવાનો રહેશે.

શરતો:–

૧. આ યોજના હેઠળ નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં શાળા સ્વચ્છતાં સંકુલની સ્વચ્છતાંની જાળવણી માટે ધોરણ–૧ થી ૮ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થી સંખ્યા દીઠ એપ્રિલ-૨૦૨૨ માટે ૩૧૯ પ્રાથમિક શાળાઓમાં નીચે દર્શાવેલ સ્વચ્છતાં વિષયક સાધન સામગ્રી માટે જ ખર્ચ કરવાનો રહેશે. તેમજ સંકુલની સાફસફાઇ માટે માણસ રોકી, મહેનતાણું આપી સાફસફાઇ કરાવવાનું રહેશે.

| | | | |
|---|---|---|---|
| ૧. એસીડ | ૨. ફિનાઇલ | ૩. કપુરની ગોળી. | ૪. સાવરણી/સાવરણો |
| ૫. ડોલ | ૬. નાની ડોલ | ૭. સેનીટેશન યુનિટ સ્વચ્છતાં માટેનું બ્રશ. | |

તેમજ આ અંગેની ગ્રાન્ટ ઉકત સાધન સામગ્રી શાળાની જરૂરીયાત અનુસાર ખરીદી કરવા સારૂ જે તે શાળાનાં આચાર્યશ્રીને ફાળવણી કરવાની રહેશે..

૨. યોજના હેઠળ ખરીદ કરવામાં આવે તે સાધનસામગ્રી યોગ્ય ગુણવત્તાવાળી અને સારી બ્રાન્ડની ખરીદવાની રહેશે. તથા આ અંગેની તકેદારી આચાર્યશ્રીએ રાખવાની રહેશે.તેમજ સંબધીત કક્ષાએ જરૂરી સુચનાઓ આપવાની રહેશે.

૩. સરકારશ્રીનાં નિતીનિયમ અનુસાર પ્રક્રિયા હાથ ધરી અત્રેની કચેરીએ ખર્ચની વિગતો પૂરી પાડવાની રહેશે.

શાસનાધિકારી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ

સુરત